Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# 'મોહન'માંથી 'મહાત્મા' નો દ્રષ્ટિવિકાસ આલેખ – 'સત્યના પ્રયોગો'

**ડૉ. હેમંત સુથાર**
(આસિ.પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સરકારી વિનયન અને વાણિજય કૉલેજ, જાદર) સંપર્ક સૂત્ર : 9879920403, E-MAIL – sutharhemant815@gmail.com

***સારાંશ:***

*ભારતના રાજકીય, સામાજિક અને નૈતિક જીવન ઉપર જેમનો પ્રભાવ લાંબા સમય સુધી પથરાયેલો રહ્યો, જેમણે અહિંસાના માર્ગે રાષ્ટ્રને આઝાદી અપાવી અને જેમનું જીવન એ જ કવન હતું એવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની વિરાટ પ્રતિભાનું કોઈ અન્ય વ્યક્તિ આલેખન કરે ત્યારે અને ખુદ ગાંધીજી પોતે જ પોતાની જાત વિશે માંડીને વાત કરે ત્યારે એ બંને વચ્ચે તફાવત તો રહેવાનો જ. આત્મકથાનું દેશમાં નહીં, પરંતુ દુનિયામાં લખાયેલી આત્મકથાઓમાં ગાંધીજીની આત્મકથાનું આગવું સ્થાન છે, કારણ કે, ગાંધીજીએ પોતાની આત્મકથાના નાયકપદે પોતાની જાતની નહીં, પણ સત્યની પ્રતિષ્ઠા કરી છે અને તેથી જ એમણે પોતાની આ આત્મકથાને 'સત્યના પ્રયોગો' એવું નામાભિધાન કર્યું છે.*

*ગાંધીજીના જાહેર અને ખાનગી જીવનનું આ આત્મકથામાં નિરૂપણ કરાયેલું છે અને એને પરિણામે એના વ્યક્તિત્વના ગુણો – અડગતા, નિર્ભિકતા, સત્યપ્રિયતા, સાદગી, નિખાલસતા અને પ્રયોગશીલતા- આપણને જોવા મળે છે. આ ગુણોના પ્રગટીકરણને લીધે સમગ્ર આત્મકથા વિલક્ષણ રૂપ ધારણ કરતી વિશિષ્ટ આત્મકથા બને છે. ગાંધીજીનું સમગ્ર જીવન જ સત્યની શોધ માટે નિર્માયેલું હતું. આ 'સત્ય' પદાર્થની સમજ પ્રાપ્ત કરવા સારું એમણે જિંદગીભર જે પ્રયત્નો કર્યા તે પ્રયત્નોનું આલેખન એટલે જ 'સત્યના પ્રયોગો'.*

*ચાવીરૂપ શબ્દો:*

*અડગતા, નિર્ભિકતા, સત્યપ્રિયતા, સાદગી, નિખાલસતા, આધ્યાત્મિકતા અને પ્રયોગશીલતા, સંસ્કારગ્રંથ*

**પ્રસ્તાવના :**

આપણા સાહિત્યમાં સૌ પ્રથમ આત્મકથાનું સ્થાન દુર્ગારામ મહેતાજીની રોજનીશીને મળે છે. પરંતુ પ્રસિદ્ધ થયેલી આત્મકથાનું સ્થાન નર્મદ કૃત 'મારી હકીકત' ને ફાળે જાય છે. સમયદ્રષ્ટિએ ગાંધીજીની 'આત્મકથા', 'મારી હકીકત' કરતાં પાછળ છપાયેલી પરિણામે સૌ પ્રથમ કલાકૃતિ તરીકે આપણા સાહિત્યમાં જે મોખરાનું સ્થાન ગાંધીજીની આત્મકથાએ પ્રાપ્ત કર્યું છે તેવું કોઈએ કર્યું નથી. બીજા શબ્દોમાં કહીએ તો 'સત્યના પ્રયોગો' એ આજ સુધી ગુજરાતી આત્મકથા સાહિત્યનો નગાધિરાજ રહ્યો છે. 'જગતના પ્રાંગણ' માં હિંમતભેર મૂકી શકાય એવી આત્મકથા તરીકે પણ 'સત્યના પ્રયોગો' ઉણી ઉતરે એવી નથી. ડૉ.'અનામી'એ લખ્યું છે: 'મહાત્મા ગાંધીજીની 'સત્યના પ્રયોગો' અથવા 'આત્મકથા' ગુજરાતીની એક અત્યંત અણમોલ કૃતિ છે અને સામાન્ય માનવ જેવા હોવા છતાં સત્ય અને અહિંસા જેવા જીવનના પાયાના સિદ્ધાંતોને વફાદાર રહીને જીવનઘડતર કરવાનો પ્રયત્ન કરનાર અને તેને પરિણામે દેશની રાજકીય, આધ્યાત્મિક, સામાજિક અને આર્થિક સેવા કરનાર આ મહાપુરુષના આત્મચરિત્રમાં આપણને દુનિયાની આત્મકથાઓમાં શ્રદ્ધાપૂર્વક રજૂ કરી શકાય એવી આત્મકથા મળી છે.' આ રીતે આ કલાકૃતિ તરીકે પણ 'સત્યના પ્રયોગો'ની આકર્ષકતા ઘણી છે. 'સત્યના પ્રયોગો' સિવાય 'વ્યાપક ધર્મભાવના', 'ધર્મમંથન', 'સર્વોદય' જેવા અનેક ગ્રંથો એમણે આપ્યા છે પરંતુ તેમણે એક માત્ર 'આત્મકથા' દ્વારા જ સાહિત્યકારનું પદ પ્રાપ્ત કરી લીધું છે.

**આત્મકથાનો નાયક કોણ ? :**

'સત્યના પ્રયોગો' વિશે વિચાર કરતાં આપણને લાગે છે કે આ આત્મકથાનો નાયક કોણ? ગાંધીજી કે તેમનું જાહેર જીવન? ઇન્દુલાલ યાજ્ઞિકની આત્મકથામાં જેમ નાયક પદે ગુજરાતની પ્રજા છે તેમ અહીં ગાંધીજીનું જાહેર જીવન છે. દક્ષિણ આફ્રિકાની ગાંધીજીની કામગીરી જોતાં લાગે છે કે જયારે તેઓ કાર્યતલ્લીન થઇ જાય છે ત્યારે પોતાની જાતને

સુધ્ધાં ભૂલી જાય છે. પોતે ક્યાં ઊભા છે તેનું પણ ભાન રહેતું નથી. આવી વ્યક્તિ જ સાચી સેવા કરી શકે છે અને એવી જ વ્યક્તિ 'મહાત્મા' પદની અધિકારી ઠરે છે. આત્મકથાનો નાયક નમ્ર પણ હોવો જોઇએ. કારણ કે નમ્રતા એ એનો ગુણ વિશેષ છે. આવો નમ્ર અને કોમળ આત્મા ફૂલોની પાંદડી પાછળ હસતો હસતો છુપાઇ જાય છે. કારણ કે એને કીર્તિની તમા હોતી નથી. એનું અહમ ઓગળી જાય છે ત્યારે જ તે 'માનવ' બનવાનો અધિકારી ઠરે છે. 'સત્યના પ્રયોગો' એ પ્રતિપાદિત કરી આપ્યું છે કે ગાંધીજીનું 'અહમ' જનસેવાના પ્રવાહમાં ઓગળી ગયું છે. એ 'અહમ'ના ઓગળી જવાથી જ વ્યક્તિ તરીકે તેઓ નોંધપાત્ર વિશિષ્ટતા પ્રાપ્ત કરી શક્યા હતા. જયારે નાયકનો વિચાર કરીએ છીએ ત્યારે વ્યક્તિને નહિ પરંતુ વ્યક્તિના કોઇ ગુણવિશેષને મહત્તા અપાય છે. તોલ્સ્તોય તો સ્પષ્ટ જણાવે છે કે 'Truth is the hero of my life' અર્થાત સત્ય જ મારી કથાનો નાયક છે. એમને અનુસરીને ગાંધીજી પણ પોતાની આત્મકથાના નાયકપદે સત્યને પ્રસ્થાપિત કરે છે. તેમની પ્રસ્તાવનામાં લખ્યું છે : 'ભલે મારા જેવાં અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ, અલ્પાત્માને માપવા સારું સત્યનો ગજ કદાપિ ટૂંકો ન બનો.' આમ, પોતાની આત્મકથાનો નાયક સત્ય છે એવું સ્પષ્ટ મંતવ્ય રજૂ થયેલું જણાય છે. સત્યના પૂજારીને નમ્રતાનો ખપ તો ડગલે ને પગલે પડવાનો જ. તેમણે પ્રસ્તાવનામાં નોંધ્યું છે : 'સત્યના શોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે. જગત આખું રજકણને કચડે છે. પણ સત્યનો પૂજારી તો રજકણ સુધ્ધાં તેને કચડી શકે એવો અલ્પ ન બને ત્યાં સુધી તેને સ્વતંત્ર સત્યની ઝાંખી પણ દુર્લભ છે.' ગાંધીજી સત્યને ખાતર છેવટ સુધી ઝઝૂમ્યા. એમની સદા ઝંખના જ રહી ગઇ, પરંતુ એ ઝંખના આજે ફૂલ બનીને સૌરભ ફેલાવી ગઇ છે એ સંતોષપ્રદ છે. આજે આપણે ગાંધીજીની વિભૂતિ તરીકે કદર કરીએ તેમાં કંઇ જ ઉપકાર કરતા નથી.

**કલાદ્રષ્ટિ તરીકે 'સત્યના પ્રયોગો'નું મૂલ્ય :**

ગાંધીજી એક કુશળ જીવનકલાકાર હતા. એમની પાસે પોતીકી કલાદ્રષ્ટિ હતી. તેનો લાભ આ આત્મકથાને પણ મળ્યો છે. એમની 'આત્મકથા' એ કલાકૃતિની એક સર્વાંગસુંદર કલાવિધાનની ભેટ ધરી છે. એનાથી વધુ માતબર અને કલાત્મક એવી કોઇ કૃતિ હજી આત્મકથા સાહિત્યને મળી નથી. આ રીતે એમની આત્મકથા એ આપણા સાહિત્યમાં સીમાસ્તંભ બની જાય એવું ભારોભાર જોવા મળે છે. મૂળથી જ ચીવટાઈથી કામ કરવાના તેઓ આગ્રહી રહ્યા છે. પ્રયોગોમાં આવશ્યક એવી ચોકસાઇ, ચીવટાઈ, સત્યનિષ્ઠાનો પણ એમણે અહીં સુંદર વિનિયોગ કર્યો છે.

ગાંધીજીએ જન્મથી માંડીને કૃતિ રચવા માંડી ત્યાં સુધીના દિવસોની કથા આલેખી છે. આ રીતે એમની આત્મકથામાં એમના સમગ્ર જીવનની છબી અંકાયેલી જોવા મળે છે. આત્મકથાનો એક ઉડીને આંખે વળગે એવો દોષ એ છે કે સંકલ્પ અને સિદ્ધિ વચ્ચેનું અંતર તેઓ બતાવતા નથી. કોઈપણ સંકલ્પ તેઓ નક્કી કરે છે, પછી ઝડપભેર સિદ્ધિ તરફ આગળ વધે છે. પરંતુ અવાંતરક્રમમાં શું બન્યું તે વિશે ખાસ કહેતા નથી. એમની કલાભાવનાનો વિચાર કરીએ છીએ ત્યારે એફિલ ટાવર વિશેનો એમનો પ્રતિભાવ યાદ કરવા જેવો છે. એમણે એફિલ ટાવરની સ્તુતિ અને નિંદા સાંભળી છે. નિંદા કરનારાઓમાં તોલ્સ્તોય અગ્રેસર હતા. તેમણે લખેલું હતું કે, 'એફિલ ટાવર' એ મનુષ્યની મૂર્ખાઈનું ચિન્હ છે, તેના જ્ઞાનનું પરિણામ નથી. તેમના લેખમાં તેમણે જણાવ્યું હતું કે દુનિયામાં ચાલતા ઘણા નકશાઓમાં તમાકુનું વ્યસન એક રીતે સહુથી ખરાબ છે. કુકર્મ કરવાની હિંમત દારૂ પીવાથી ન આવે તે બીડી પીવાથી આવે છે. દારૂ પીનાર ગાંડો બને છે, જયારે બીડી પીનારની અક્કલને ધુમ્મસ ચડે છે અને તેથી હવાઇ કિલ્લા બાંધવા મંડી જાય છે. એફિલ ટાવર આવા વ્યસનનું પરિણામ છે. આ સંસ્કારોની અસરને લઈને ગાંધીજી પણ માને છે કે, 'એફિલ ટાવરમાં કશું સૌંદર્ય નથી જ.' ગાંધીજીમાં એક ખાતરી જોવા મળે છે તે એ કે એમનામાં કલાદ્રષ્ટિનો અભાવ હતો. અલબત્ત, તેઓ કુશળ જીવનકલાકાર કલાનો અર્થ ન સમજી શકે એ બનવા જોગ છે. ગાંધીજીમાં કંઈક આવા દર્શન થાય છે.

પ્રિટોરિયામાં ગાંધીજી સિગરામમાં મુસાફરી કરે છે ત્યારે સિગરામના માલિકને બહાર બેસવાની ઈચ્છા થતાં ગાંધીજીને પોતાના પગ આગળ બેસવાની સૂચના આપે છે. કાળાઓને અંદર બેસવાની તૈયારી બતાવી, ગોરાએ તેમના પર તમાચાઓનો વરસાદ વરસાવ્યો. તે ગાંધીજીના હાથ પકડી ખેંચવા

લાગ્યો. ગાંધીજીએ પિત્તળના સળિયા ઝાડની જેમ પકડી રાખ્યા. સળિયાની એ મજબૂત પકડ ભવિષ્યમાં આ દેશમાંથી અંગ્રેજોની પકડને ઢીલી કરવાની હતી તે કોને ખબર હતી ! પાણીના પ્રયોગો, માટીના પ્રયોગો, ખોરાકના પ્રયોગો એ ગાંધીજીની વૈયક્તિક ખાસિયતો છે. આ પ્રયોગોમાં તેઓ કસ્તુરબા તેમજ પોતાના બાળકોને પરાણે ખેંચી જાય છે એ ખરેખર હિંસા જ કહેવાય. અહિંસાનો પૂજારી આમ પરાણે મારી બાંધીને મનાવે. દક્ષિણ આફ્રિકામાં કસ્તુરબાનો હાથ પકડી ઘરની બહાર ઘસડી મૂકી આવે તે શોભાસ્પદ નથી. આને હિંસા કહેવી કે અહિંસા ? ગાંધીજીનું જીવન અનેક ઝંઝાવાતો અનુભવીને ઘડાયું છે. એટલે જિવાતા જીવનનો-વ્યવહાર જગતનો એમને ઘણો લાભ મળ્યો છે. આમ છતાં ઘરના એક સભ્ય તરીકે તેઓ બહુ સફળ થયા નથી તેનું શું કારણ ? એમના સિધ્દ્રાંતો અને વિચારસરણી ચોક્કસ હતી તથાપિ તેમણે એક જ પ્રકારના કાર્યો માટે જુદા જુદા સિધ્દ્રાંતોનો વિનિયોગ કર્યો છે. તેથી કેટલાક અંશે નિષ્ફળ જવાનું શક્ય બન્યું હતું. પોતે જ પોતાનું કામ કરી લેવું જોઇએ એમાં જ ખરી સ્વાશ્રયની ભાવના છે. દક્ષિણ આફ્રિકામાં એમના મિત્રનું મેલું ઉપાડવાની કસ્તુરબાને ના પાડી ત્યારે ગુસ્સે થઈને તેમને ઘરની બહાર કાઢી મૂક્યા. સત્ય અને અહિંસાનો પૂજારી આમ વર્તે એ પણ વિચારણીય પ્રશ્ન છે. જોકે, ગાંધીજીએ પોતાની બધી ભૂલોનો-નિખાલસ એકરાર કર્યો છે એટલું જ નહીં એ બદલ-ખેદની લાગણી પણ વ્યક્ત કરી છે એમાં એમની મહાનતા સ્પષ્ટ થઈ જાય છે. -

ગાંધીજીની આત્મકથાનો હીરાની જેમ ઝગમગતો-ગુણ વિશેષ તે સત્યનિષ્ઠા અને નિખાલસ અભિવ્યક્તિ છે. પ્રત્યેક આત્મકથાના ઘટકતત્વ તરીકે આ બે લક્ષણોને ગણાવી શકાય. સોક્રેટિસે કહ્યું છે, Knows thyself. 'પહેલાં તું તારી જાતને ઓળખ.' 'સત્યના પ્રયોગો' માં પોતાની જાતને ઓળખવાનો ગાંધીજીનો ઉપક્રમ રહ્યો હોય એમ લાગે છે. આત્મનિયમન કરીને પોતાનો આત્મા કેવો છે તે જાણવા-નાણવાનો સુભગ પ્રયાસ અહીં થયો છે. ગાંધીજી પ્રસ્તાવનામાં જ સત્ય ઉપર વિશેષ ભાર મૂકે છે અને તેથી જ તેમણે પોતાની આત્મકથાના નાયક તરીકે પોતાને નહીં પણ સત્યને પ્રસ્થાપિત કર્યું છે. પોતાની ભૂલો, જાતીય સ્ખલનો એમણે ખુલ્લા દિલે નિખાલસ એકરાર કર્યો છે એ બીજાના પણ એમની આત્મકથાનો આકર્ષક અંશ છે. આરસીમાં જેવું હૂબહૂ પ્રતિબિંબ દેખાય તેવું ગાંધીજીનું હૂબહૂ પ્રતિબિંબ નિખાલસ અભિવ્યક્તિવાળી આ 'આત્મકથા'માંથી પમાય છે. આ 'આત્મકથા'માં રાજકારણને પણ બહુ ઝીણવટથી વણી લીધેલું છે. પરંતુ એમાં નાયકનો દોષ નથી. નાયકની રગેરગમાં રાજકારણ વ્યાપી ગયું હતું. જો એમની રગેરગમાં રાજકારણ વ્યાપ્ત ન હોત તો આ દેશને સ્વતંત્રતા મળી હોત કે કેમ તે વિચારવા જેવું છે. સમાજનો અદનામાં અદનો માનવી પણ આપબળે આગળ આવી શકે છે. એવું સર્વોત્તમ દૃષ્ટાંત આ 'આત્મકથા' પૂરું પાડે છે.

**સમાપન :**

જગતના આત્મકથા સાહિત્યમાં ગુજરાતી સાહિત્યની પ્રતિનિધિરૂપ કૃતિ તરીકે આ કૃતિને નિઃસંકોચ મૂકી શકાય એમ છે. કારણ કે, આ માત્ર આત્મકથા જ નથી, એમાં આપણને મહાકાવ્યની ક્ષમતા પણ દેખાય છે. એક સંસ્કારગ્રંથ તરીકે પણ એનું મૂલ્ય ઘણું છે. આ 'આત્મકથા'ની ઓળખ ટૂંકમાં આપવી હોય તો એટલું જ કહી શકાય કે 'સત્યના પ્રયોગો' એ 'મોહન'માંથી 'મહાત્મા' નો ક્રમિક વિકાસ આલેખ છે.

**સંદર્ભ :**

'સત્યના પ્રયોગો' : ગાંધીજી

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : ગુજરાતી સાહિત્ય પરિષદ

ગાંધીયુગ : પ્રસાદ બ્રહ્મભટ્ટ

ગાંધીજી, દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ.૨૦૦૭.નવજીવન મુદ્રણાલય, અમદાવાદ.